# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક  આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## CABINET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઇ હતી..

ગાંધીનગરમાં આજે સવારે યોજાયેલી બેઠકમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હોવાના અહેવાલ સાંપડી રહ્યાં છે.. જેમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી, ડીએપી ખાતર અને બાકી રહેલા કૃષિ રાહત પેકેજ, પીએમજેએવાય માં નવી એસઓપી તથા ખ્યાતિ કાંડની તપાસ સહિતના વિષયો ઉપર કેબિનેટની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હોવાની શક્યતા છે.. આ ઉપરાંત રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયો પર ચર્ચા થઇ હોવાની સત્તાવાર સૂત્રો પાસેથી માહિતી મળી રહી છે.

--------------

## DHAMM YATRA

ગુજરાત આવેલી ચોથી ધમ્મયાત્રાના સભ્યોએ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લીધી હતી.

મેકોંગ અને ગંગા સંસ્કૃતિ વચ્ચે સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક જોડાણ સુદ્રઢ કરવાના આશય સાથે ધમ્મયાત્રાનું આયોજન કરાયું છે. આ યાત્રા બીજી ડિસેમ્બરથી 10 ડિસેમ્બર દરમિયાન ભારતમાં ભ્રમણ કરી રહી છે. આ ધમ્મયાત્રા દરમિયાન રાજ્યમાં બુદ્ધિસ્ટ સર્કિટ અન્વયે વડનગર, દેવની

મોરી તથા વડોદરાની મુલાકાત લીધી હતી.. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત ટુરિઝમ લિમિટેડ અને થાઈલેન્ડની બોધગયા વિજાલય-૧૮૦ સંસ્થા વચ્ચે કરાર થયા છે. ગુજરાતમાં બૌદ્ધ મૂર્ત અને અમૂર્ત વારસાના સંરક્ષણ-સંવર્ધન વિકાસના ક્ષેત્રે પરસ્પર સહયોગ લેવાશે.

--------------

## VIKSIT BHARAT QUIZ

કેન્દ્રીય યુવા બાબતોના મંત્રાલય દ્વારા વિકસિત ભારત યંગ લીડર ડાયલોગ 2025 અંતર્ગત યોજાઈ રહેલો વિકસિત ભારત ક્વિઝની નોંધણીની સમયમર્યાદા આજે એટલે કે 10મી ડિસેમ્બરે પૂર્ણ થાય છે.. અગાઉ આ તારીખ લંબાવવામાં આવી હતી. વિકસિત ભારત ક્વિઝ ચેલેન્જ સ્પર્ધા 15 થી 29 વર્ષની વયના યુવાનો માટે છે.

આકાશવાણી સાથે વાત કરતાં નેશનલ સર્વિસ સ્કિમ NSSના પ્રાદેશિક નિયામક કમલ કુમાર કરેએ આજના છેલ્લા દિવસે યુવાનોને મોટી સંખ્યામાં આ ક્વિઝમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

(બાઈટ – કમલ કુમાર કરે)

-----------------------

## NCC DANDI PADYATRA

અમદાવાદના સાબરમતી ગાંધી આશ્રમથી એન.સી.સી.ની દાંડી પથ યાત્રાને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ પ્રસ્થાન કરાવ્યું હતું.. એનસીસીના 40 યુવાન કેડેટ્સ ૧૪ દિવસમાં સાબરમતી આશ્રમથી દાંડી સુધી ૪૧૦ કિ.મી.ની પદ યાત્રા કરશે. શિક્ષણ રાજ્યમંત્રીએ ગુજરાત એનસીસી કેડેટ્સ દ્વારા 'વિકસિત ભારત, આત્મનિર્ભરતા, સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત, મહિલા સશક્તિકરણ, શિસ્ત અને નીતિશાસ્ત્ર સાથેનું શિક્ષણ, વ્યસન મુક્તિ' ના સંદેશ સાથે સાબરમતી આશ્રમથી દાંડી સુધી આયોજિત ૪૧૦ કિલોમીટરની પદ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ યાત્રા આજથી ૨૪મી ડિસેમ્બર સુધી યોજાશે. કેડેટ્સ આ પદ યાત્રા દરમિયાન શેરી નાટકો અને સમાજ જાગૃતિના કાર્યક્રમો કરાશે. આ સાથે સ્કૂલ, કોલેજ અને સંસ્થાઓ તેમજ સમુદાયો સાથે સંવાદ પણ થશે.

-------------

## CHOTAUDEPUR SINCHAI

છોટાઉદેપુર તાલુકાના ઝેર ગામે નાની સિંચાઈ તળાવ યોજના અંતર્ગત મરામત તથા મજબૂતીકરણની કામગીરી કરાશે. જેમાં માટી પાળાનું જંગલ કટીંગ, માટીકામ, ડ્રાય રબલ સ્ટોંગ પીચિંગ, જુના એચ.આર.વેલની જગ્યાએ નવા એચ.આર.વેલનું બાંધકામ અને H.R.ના નવી પાઈપ નાંખવાની કામગીરી થશે. આ કામગીરીનું ખાતમુહૂર્ત છોટાઉદેપુર લોકસભાના સાંસદ જશુભાઈ રાઠવા અને ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ઝેર ગામે આવેલી

નાની સિંચાઈ તળાવમાં કામગીરી થશે, તો 607 હેક્ટર જેટલા કલ્ચરેબલ કમાન વિસ્તારમાં આવતા ઝેર, ચિલરવાટ, જલોદા, ખજુરીયા, દુમાલી અને ગુંગાવાડા ગામના ખેડૂતોને લાભ થશે, જેથી ખેડૂતોમાં ખુશી જોવા મળી છે.

--------------

## AHMEDABAD - AIRPORT

અમદાવાદ એરપોર્ટથી ગુવાહાટી, તિરુવનંતપુરમ, કોચી અને કોલકાતા માટે ઇંડિગો એરલાઇન્સ દ્વારા સીધી અને નવી વધારાની ફ્લાઇટ્સ શરૂ થઈ છે, જ્યારે દિમાપુર માટે વન-સ્ટોપ સાથે કનેક્ટિવિટી શરૂ થઈ છે. અમદાવાદ એરપોર્ટ દ્વારા આ માહિતી આપવામાં આવી છે.

--------------